સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

લાખો સ્ત્રી સમૂહે 'સુરક્ષા' માટે હાથ ધોઈ નાખ્યા!
હજારો યુવાનોએ નોકરીથી હાથ ધોઈ નાખ્યા!
હાથ ધોઈ નાખ્યા કરોડો મૂલ્યવાન જિંદગીએ -
સલામતી સૂત્રોના સાબૂથી જ હાથ ધોઈ નાખ્યા!
(લ્યો ! જનઆંદોલન શરૂ!!)

હાઈકુ

પ્રચાર પાણી!
આંકડા આશ્વાસને
રાખો હિંમત...
(હાથ ધોયા કરો)

આવ્યો રે આવ્યો!
વેક્સીન નો વાઘ
ધરો ધીરજ...!
(આવતા વર્ષે કે ભવે)

ચિંતન

ન દ્વિષન્તિ ન યાચન્તે પરનિંદા ન કુર્વતે ।
અનાહુત ન યાયાન્તિ તેનારમાનોડપિ દેવતાઃ ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જેઓ દ્વેષ કરતા નથી, જેઓ માંગતા નથી, પારકાની નિંદા કરતા નથી, બોલાવ્યા વગર કોઈનેત્યાં જતા નથી, તે પથ્થર હોવા છતાં દેવતાઓની માફક પૂજ્ય છે.

કોઈના પૂછ્યા વિના સલાહ-માર્ગદર્શન-સૂચન કરવું, નિમંત્રણ વિના કોઈને ત્યાં જવું વિના કારણ કોઈની ટીકા - નિંદા કરવી, કોઈની પાસેથી કંઈ પણ યાચના કરવી આવી કુટેવો - અસંસ્કાર - સ્વભાવમાં નથી એની વ્યક્તિ જેમ પથ્થર પૂજાય તેમ તેમના સદ્‌ગુણો દ્વારા પૂજાય છે.

સુવિચાર

- ગલતી ઉસે કહતે હૈ, જિસસે આપને કુછ નહીં સિખા - **જીવન સાધના**
- ઈશ્વર પરીક્ષાનો વિષય નથી, ઈશ્વર સમીક્ષાનો વિષય નથી, ઈશ્વર જનમ જનમની પ્રતીક્ષાનો વિષય છે - **મોરારિ બાપુ**
- કોઈ પણ બુદ્ધ પુરુષ આપણો સમકાલીન હોય આપણી સમક્ષ હોય ત્યારે સમજાતો નથી - **બોધિ વૃક્ષ**
- તમારી ડૂબતી ટાઈટેનિકમાં જે ટિકિટ ખરીદીને ચડે ને બસ એ તમારો સાચો મિત્ર - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણા જેવા જ અને આપણા જેટલા જ દોષ બીજામાં હોય તો તે આપણને અસહ્ય લાગે છે - **ઓસ્કાર વાઈલ્ડ**
- જ્ઞાન આપી શકાય છે, ડહાપણ આપી શકાતું નથી, જ્ઞાન શીખવી શકાય છે, ડહાપણ શીખવી શકાતું નથી - **હરમાન હેસ**
- આજનું ઔષધ : સુકા ધાણા, સર્પગંધા, ખડીસાકર બે-બે ગ્રામ લઈ પાઉડર બનાવી સવાર-સાંજ પાણી સાથે લેવાથી હાઈ બીપીમાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ખલિલ જિબ્રાન ઈવનીંગ વૉક કરતાં કરતા ગામના છેવાડાના ખેતરમાં જઈ ચડ્યા. ત્યાં ખેતરની વચ્ચે ઊંભો ચાડિયો જોયો. ફાટેલા કપડા, અને ટૂટેલા માટલામાંથી બનાવેલો ચાડિયો જોઈ તેમને થયું કે આ ચાડિયો દિવસ-રાત. ટાઢ-તડકો-વરસાદ વેઠીને ખેડૂતની સેવા કરે છે અને ખેતરનું રક્ષણ કરે છે.

નિર્જીવ ચાડિયામાં જિબ્રાનને અનોખી સજીવતા દેખાતી હતી. ચાડિયાની કર્તવ્ય પરાયણતા તેમને સ્પર્શી ગઈ. કારણ કે ચાડિયો મંગો રહીને માલિકની સેવા કરે છે, છતાં તેના કોઈ બણગા ફૂંકતો નથી. તેમણે કલ્પનામાં ચાડિયાને પ્રશ્ન કર્યો. 'તને એક જ જગ્યાએ એક જ સ્થિતિમાં ઊભા રહવાનો થાક કે કંટાળો નથી આવતો?'

ત્યારે જાણે ચાડિયા એ જવાબ આપ્યો હોય એવું લાગ્યું, ચાડિયાએ કહ્યું, 'મને પ્રકૃતિની ગોદમાં રહેવાની મજા આવ છે. સૂરજ-ચંદ્રની આવનજાવન, સૂર્યોદય-સૂર્યાસ્તના અદ્‌ભૂત રંગો, રાત્રે તારાઓથી ભરેલું આકાશ મને બહુ ગમે છે. પંખીઓની વસ્તી અને તેમના મીઠા કલરવમાં મારો દિવસ ઉત્તમ રીતે પસાર થાય છે. આટલી બધી વસ્તુમાં મને કયારેય એકલું નથી લાગતું.'

જિબ્રાને વિચાર્યું કે માણસ ચાડિયા જેટલો નિષ્પક્ષ કે સ્થિતપ્રજ્ઞ બની શકે??

પર્વો અને પેટા ચૂંટણી એક કસોટી છે

તંત્રીસ્થાનેથી...

ગુજરાત સરકાર હસ્તકના ચૂંટણી અંગે મહાનગરપાલિકા, નગરપાલિકા અને જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતની ચૂંટણીઓ ત્રણ માસ માટે મોકૂફ રાખવાનો સ્તુત્ય નિર્ણય કર્યો એ બદલ એ ખરેખર અભિનંદનને પાત્ર છે. કેન્દ્રીય ચૂંટણી પંચે વિધાનસભાની ખાલી પડેલી બેઠકોની પેટાચૂંટણી જાહેર કરી દીધી છે અને બિહારની વિધાનસભાની ચૂંટણી પણ જાહેર થઈ ગઈ છે. માંડ થોડો કાબુમાં આવી રહેલો 'કોરોના કાંડ' ફરી માથુ ઊંચકી શકે છે એવી દહેશત નિષ્ણાંત તજજ્ઞો તરફથી વ્યકત થતી રહી છે. શિયાળામાં ઉષ્ણતામાન નીચું જતાં વાઈરસ માટે વધુ સાનૂકૂળ સ્થિતિ સર્જાય છે. આમ છતાં 'અનલૉક' પ્રક્રિયાના છેલ્લા તબક્કે એક તરફ તહેવારોની પરંપરા સર્જાશે અને બીજી તરફ રાજકીય રેલીઓ અને જનસભાઓ યોજાશે. ખુદ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ એમની પ્રારંભિક પરિચય સ્વાગત સભાઓ અને રેલીઓ દરમિયાન કોરોના ગાઈડ લાઈન્સ પાળી કે પળાવી નહોતા શકયા અને અન્ય કેટલાક અગ્રણીઓ સહિત પોતે પણ કોરોના સંક્રમિત થયા હતા. આવું જ અન્ય ઘણા નેતાઓ અને પ્રતિષ્ઠિત મહાનુભાવો સંદર્ભે બન્યું હોવા છતાં જો પ્રજા અને ખુદ રાજનેતા સાવચેત નહીં રહે તો ફરી એકવાર કોરોનાના ઘટવા માંડેલા કેસોમાં વધારો થઈ શકે છે. કેન્દ્રીય આરોગ્યમંત્રી ડૉ. હર્ષવર્ધને તહેવારો ઘરે રહી ઊજવવાની સુફિયાણી સલાહ તો આપી પરંતુ ખુદ એમની જમાતને કશું કહી શકયા નથી. આખરે 'સત્તા' એ રાજકારણીઓનું અંતિમ ધ્યેય હોય છે. એ મુજબ ગુજરાત કે અન્ય પ્રદેશોમાં પેટા ચૂંટણી કે ચૂંટણી થશે ત્યારે રાજકીય પાર્ટીઓ શું ચૂંટણીપંચ કે સરકાર દ્વારા જાહેર કરાયેલ ગાઈડલાઈનનું પરિપાલન કરશે ખરા? આ યક્ષ પ્રશ્નનો ઉકેલ તો જે તે કપરો સમય પાર થશે ત્યારે જ મળી શકશે. ચૂંટણીમાં ટિકિટ મેળવવા કરવામાં આવતા લોબીઈંગથી માંડી પ્રચાર અને મતગણતરી સુધી સતત લોકોની ભારે ભીડ ભેગી થતી હોય છે. ગુજરાતમાં કોંગ્રેસમાંથી પક્ષપલટો કરીને આવેલા ધારાસભ્યોને ટિકિટ આપવાનું વચન ભાજપ હાઈકમાન્ડે પાળી બતાવ્યું છે. બે ત્રણ ધારાસભ્યોને જુદી રીતે ટ્રીટ કરાયા હશે એટલે તેઓ જાતે જ ચૂપ થઈને બેઠા છે. બેઉ મુખ્ય પક્ષો માટે આ બધી જ બેઠકો પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહી છે. કોંગ્રેસ એની આઠે આઠ બેઠકો પર કમબેક કરવા આકાશ-પાતાળ એક કરશે તો સામા પક્ષે ભાજપ એ ઉછીના ઉમેદવારો ઉપરાંત આત્મારામ પરમાર જેવા જૂના જોગીને જીતાડવા તમામ હથકંડા અપનાવશે. અપક્ષ ઉમેદવારો અથવા બીટીપી કે એનસીપી જેવી પાર્ટીના ઉમેદવારો ઊભા રાખી કોંગ્રેસની પરંપરાગત વોટબેંકમાં ગાબડાં પાડી આઠે આઠ બેઠકો હસ્તગત કરવા ભાજપની નેતાગીરી અને સરકાર કૃતસંકલ્પ છે. બલકે આ પેટા ચૂંટણી તો ખુદ નવા નિમાયેલા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી બેઉ માટે નાકનો સવાલ અને એમની સ્વીકૃતિનો લિટમસ ટેસ્ટ છે. રાહુલ ગાંધી પંજાબ-હરિયાણાની જેમ સૌરાષ્ટ્રમાં પણ ટ્રેકટર રેલી કાઢે એવી શકયતા છે. કાર્યકારી પ્રદેશ પ્રમુખ હાર્દિક પટેલની કારકિર્દી માટે આ ચૂંટણી પરિણામ એટલાં જ મહત્વના છે. પક્ષપલટો કરી ભાજપનો ખેસ પહેરનાર અલ્પેશજી ઠાકોર અને ધવલસિંહ ઝાલાને પ્રજાએ જાકારો આપ્યો હતો તે સૌ જાણે જ છે. આવા સંજોગોમાં કોરોનાથી બચી બચીને ચૂંટણીના સમરાંગણમાં ઝઝૂમવામાં રહેલા જોખમને નજર અંદાજ કરવાનું ભારે પડી શકે છે.

જીવનમાં ઉત્સાહ જરૂરી છે...

નવાં કલેવર
નટવર હેડાઉ

એક રાજા પાસે ઘણા બધા હાથીઓ હતા. પરંતુ એક હાથી બહુ જ શક્તિશાળી હતો. તે આજ્ઞાંકિત પણ ખૂબ જ. તે ઝૂલતો ઝૂલતો ચાલે ત્યારે તેની રૂઆબી ચાલ અને ઠસ્સો જોઈ ભલભલા ખુશ થઈ જાય. તે ખુબ જ સમજદાર અને યુદ્ધકળામાં નિપુર્ણ હતો.

રાજાએ અનેક યુદ્ધોમાં તેને મોકલ્યો હતો. ગમે તેવા ઘમાસાન વચ્ચે અડગ પહાડની જેમ તે યુદ્ધમાં દુશ્મન સૈનિકોને ઘમરોળી નાંખતો. તે અનેક યુદ્ધોમાં રાજાને વિજય અપાવીને પાછો ફર્યો હતો. તેથી તે રાજાનો સૌથી પ્રિય હાથી હતો.

સમય પસાર થતો ગયો... અને એક સમય એવો આવ્યો કે તે હવે ઘરડો દેખાવા લાગ્યો. તે હવે પહેલાનીં જેમ કામ કરી શકતો ન હતો. તેથી રાજા હવે તેને યુદ્ધના મેદાનમાં ઉતારતા ન હતા.

બન્યું એવું કે એક દિવસ તે હાથી નજીકમાં આવેલ સરોવરમાં પાણી પીવા ગયો. પણ જરાક આગળ જતાં તેનો પગ કિચડમાં ફસાઈ ગયો. હાથી બહાર નીકળવા માટે પ્રયત્નો કરવા લાગ્યો પણ જેમ તે કોશિશ કરે તેમ વધુ ને વધુ કાદવમાં ખૂંપતો ગયો.

હાથીએ ખૂબ કોશિશ કરી પણ તે પોતાની જાતને કિચડમાંથી બહાર કાઢી શક્યો નહીં. તે ખૂબ આકળવિકળ થઈ ગયો. હવે બચવાનો એક જ ઉપાય હતો. જો કોઈ આવે અને બહાર કાઢે તો બચી શકે. તેથી તે ખુબ જોર જોરથી ચિંઘાડવા લાગ્યો. તેનો ચિંઘાડવાનો અવાજ સાંભળી લોકોને ખબર પડી કે હાથી કંઈક મુસીબતમાં છે.

હાથી તળાવણાં ફસાઈ ગયો છે એ સમાચાર રાજાની પાસે પહોંચ્યા. રાજા સહિત બધા લોકો સરોવર કિનારે આવ્યા. રાજાના સલાહકારો અને ગામના મોટા આગેવાનો પણ આવ્યા. બધા પોતપોતાની રીતે યુક્તિઓ લડાવીને શારીરિક પ્રયત્ન દ્વારા હાથીને બહાર કાઢવાનો પ્રયાસ કરવા લાગ્યા. જયારે અનેક પ્રયાસો કરવા છતાં હાથીને બહાર કાઢવાનો કોઈ ઉપાય સફળ ન થયો તો રાજાએ તેના એક સૌથી અનુભવી મંત્રીને બોલાવ્યા. મંત્રીએ આવીને ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યું. અને પછી રાજાને સલાહ આપી કે સરોવરની ચારેબાજુ યુદ્ધનાં નગારા વગાડવામાં આવે.

સાંભળનારને આ વિચિત્ર લાગ્યું. લોકો માંહેમાંહે ચર્ચા કરતા હસવા લાગ્યા. ભલા માણસ યુદ્ધના નગારા વગાડવાથી ફસાયેલો હાથી બહાર નીકળે ખરો ? કેટલા લોકો એ જાત જાતના શારીરિક પ્રયત્નો કર્યા તોય કાઢી શકાયો નથી. પરંતુ આશ્ચર્ય જનક રીતે યુદ્ધના નગારાનાં અવાજ સાંભળતાં જ હાથીના હાવભાવમાં પરિવર્તન આવવા લાગ્યું.

પહેલાં તો તે હળવેથી ઊભો થયો. પછી સૌને હતૃપ્રભ કરતો ખુદ કાદવ કિચડમાંથી બહાર આવી ગયો. હવે મંત્રીએ સૌને સ્પષ્ટતા કરતા કહ્યું કે હાથીની શારીરિક ક્ષમતામાં કોઈ ફરક પડ્યો ન હતો. ફક્ત તેની અંદરનો ઉત્સાહ વધે તે જરૂરી હતું. હાથીની આ વાતથી સ્પષ્ટ થાય છે કે જો આપણા મનમાં એકવાર ઉત્સાહ અને ઉમંગ આવી જાય તો પછી કામ કરવાની ઊર્જા આપોઆપ આવી જાય છે. જીવનમાં ઉત્સાહ જરૂરી છે. જેથી માણસ સકારાત્મક ચિંતન કરે તે જરૂરી છે.

કોઈના આત્મ-વિશ્વાસને આપણે જીવંત કરી શકીએ છીએ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એ સમયે મરાઠી ફિલ્મ ઉદ્યોગમાં રમેશ દેવનું મોટું નામ હતું પણ હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં પગ જમાવવા માટે તેઓ સંઘર્ષ કરી રહ્યા હતા. સન. ૧૯૭૧ માં પ્રદશીર્ત થયેલી ફિલ્મ 'આનંદલ્ર માં તેમને એક મહત્વનુ પાત્ર મળ્યું. રાજેશ ખન્ના મુખ્ય પાત્રના મિત્રનું. તેમની સાથે તેમના પત્નિ સીમા દેવ પણ આનંદ માં તેમની પત્નિનું પાત્ર ભજવતા હતા.

એ સમયે રાજેશ ખન્નાને સુપર સ્તરનું બિરુદ મળી ચૂક્યું હતું અને તેમનો પણ એક દબદબો ભોગવતા હતા. રમેશ દેવના શુટીંગના પહેલા દિવસે તેમના મનમાં એક પ્રકારનો ગભરાટ હતો કે પોતે એક સુપરસ્ટાર સામે કેવી રીતે સારી રીતે અભિનય કરી શકશે. તેમાં યે ખાસ પહેલા જ દ્રશ્યમાં રમેશ દેવે રાજેશખન્નાને ગાળો આપવાની હતી તેથી વધારે ભગરાટ થતો હતો.

રાજેશ ખન્ના રમેશ દેવના ગભરાટનું કારણ જાણી ગયા. એ સમયે ખન્ના તેમની પાસે ગયા અને વાતચીત શરૂ કરી. રાજેશ ખન્નાએ રમેશ દેવને કહ્યું કે 'લ્લઆપકો દેખને કે લીએ મૈં ગીરગાઉ કી ઈરાની હોટલ કે પાસ ખડા રહતા થા. (એ સમયે રમેશ દેવ ઈરાની હોટલમાં જતાં અને મિત્રો સાથે બેઠકો જમાવતા). રમેશ દેવ ખન્નાની વાતને એક મજાક માની અને કહ્યું "મજાક કર રહે હો આપ" તો રાજેશ ખન્ના એ ગંભીરતાથી કહ્યું કે પોતે જયારે ફિલ્મ ઉદ્યોગમાં પગ જમાવવા સંઘર્ષ કરતો હતો ત્યારે ગિરગાઉમાં રહેતો હતો અને મને ખબર છે કે તમે મરાઠી ફિલ્મના એક 'ટોપ સ્ટાર' છો.

રમેશ દેવના કહેવા પ્રમાણે 'એ પછી મારો બધો જ ભગરાટ જતો રહ્યો અને એ ફિલ્મમાં હું અને સીમા અસરકારક અભિનય કરી શક્યા. ત્યારે પછી રાજેશ ખન્ના સીમાને હંમેશ માટે બહેન કહેતા મને 'અબે સાલે.'

આવો જ એક બીજો રસપ્રદ કિસ્સો.

ઋષીકેશ મુખરજી પોતાની એક ફિલ્મની 'નમક હરામ' રાજેશ ખન્ના, રેખા અને અમિતાભ બચ્ચનને લઈને બનાવી રહ્યા હતા. એ ફિલ્મની પટકથા અને સંવાદ લેખક ગુલઝાર હતા. એ ફિલ્મમાં એક અન્ય પાત્ર મહત્વનું હતું જેનું નામ હતું આલમ. એ પાત્ર બસ્તીમાં રહેનારો એક શરાબી શાયરનું હતું જેનાં માટે ઋષીકેશ મુખરજી એક સશકત કલાકારી શોધ કરી રહ્યા હતા. એ સમયે પણ રાજેશ ખન્ના સુપરસ્ટાર હતાં તેમણે ઋષિકેશજીને આલમનાં પાત્ર માટે એક કલાકારનું નામ સૂચવ્યું. માત્ર સૂચવ્યું જ નહીં પણ ભાર દઈને એ કલાકારને લેવાની ભલામણ કરી. એ કલાકાર હતા. અભિનેતા વિનોદ કુમાર શર્મા (વી.કે.શર્મા) કોઈપણ કારણસર ઋષિકેશજીણે વી.કે.શર્મા એ પાત્ર માટે યોગ્ય ન લાવ્યા. બીજા બે-ચાર નામોની પણ ચર્ચા થઈ પણ મેલ ન પડયો. છેવટે ગુલઝારે એક નામનું સૂચન કર્યું. એ નામ હતું વિખ્યાત અભિનેતાના દીકરી રઝા મુરાદ જેમને ફિલ્મ અને ટેલીવિઝન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા પુણે થી જેમણે અભ્યાસ કરેલો. ઋષિકેશજી એ તેમનો રૂટિન ટેસ્ટ લીધો અને તેને એ પાત્ર માટે પસંદ કર્યા.

રઝા મુરાદનાં એ ફિલ્મનાં શૂટિંગનના પહેલા દિવસે તેઓ ગાયક મુકેશજી સાથે સેટ ઉપર આવ્યા. રસ્તામાં મુકેશજીએ રઝા મુરાદને એ વાતથી વાકેફ કર્યા કે રાજેશ ખન્નાએ પાત્ર માટે વી.કે.શર્માની આગ્રહ પૂર્વક ભલામણ કરી હતી. તેને બદલે તમને આ પાત્ર મળ્યું છે એટ્લે શકાય છે કે રાજેશ ખન્ના તમારા ઉપર ખુન્નસ કાઢીને તમને હતોત્સાહ કરવા માટે પ્રયત્ન કરે. આમ મુકેશજી એ રઝા મુરાદને સાવચેત રહીને પોતાના અભિનય ઉપર ધ્યાન કેન્દ્રીત જારવા સૂચન કર્યું.

શુટીંગ સમયે મુકેશજીની માન્યતાથી તદન ઊલટું બન્યું. રાજેશ ખન્નાએ ખબર હતી કે રઝા મુરાદ નવો કલાકાર છે. તેમની સંવાદો બોલવાની અને ખાસ કરીને એક શયર્ન પત્રમાં શાયરી બોલવાની ઢબ, છટા અને ઉચ્ચારો અસરકારક છે ત્યારે રાજેશ ખન્નાએ સામે ચાલીને રઝા મુરાદની પ્રસંશા કરી અને તેને પ્રોત્સાહન આપ્યું. રઝા મુરાદ એ ફિલ્મમાં છવાઈ ગયા અને એ જ ફિલ્મ તેમની ફિલ્મની કારકિર્દી માટે એક 'ટર્નિંગ પોઈન્ટ' બની ગઈ.

આપના જીવનમાં પણ રાજેશ ખન્ના જેવુ ઘણીવાર બનતું રહેતું હોય છે. આપણો હોદ્દો, આપણું વ્યકિતત્વ, આપણી શાન, આપણું નામ, આપણી બોલબાલા કે આપણો દબદબો કે આપણી જીવનશૈલીથી ઘણા લોકો પ્રભાવિત થયેલા હોય છે. ખાસ કરીને આપના મિત્રો, સ્નેહીઓ, સંબંધીઓ કે સહકર્મચારીઓ. એ લોકો આપણાં આ પ્રકારના વ્યક્તિત્વ અંજાયેલા હોય આપણાથી દૂર રહેવાનુ પસંદ કરતાં હોય છે, આપણાથી નજીક આવતા ગભરાતા હોય છે અથવા તો આપણી સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરતાં સંકોચ અનુભવતા હોય છે.

આ પ્રકારના સંકોચ, શરમ અને લઘુતાગ્રંથીને કારણે તેઓ આપણી સાથે બોલી શકતા નથી. આપણી સાથે ખૂલ્લીને વાત કરી શકતા નથી. આપણી સાથે હસી-મજાક કરી શકતા નથી. આપણી સાથે એ લોકો હોય ત્યારે પોતાની જાતને તેઓ સંઠોરી લેતા હોય છે. તેઓની કાર્યશકિત, તેઓની સર્જનાત્મકતા, તેઓની કુશળતા, તેઓની કાબેલીયત પૂર્ણ કળાએ ખીલી શકતા નથી.

એવા સમયે જો આપણે તેઓની માનસિકતા ઓળખી શકીએ તો તેઓને આપણે તેમની માનસિકતામાંથી બહાર કાઢી શકીએ. રાજેશ ખન્નાએ જે રીતે રમેશ દેવ સાથે વ્યવહાર કરીને રમેશ દેવને એવો અહેસાસ કરાવ્યો કે તે પણ મરાઠી ફિલ્મ ઉધોગના એક ઉચ્ચ કોટીના કલાકાર છે. આમાં રમેશ દેવનો સંકોચ દૂર કર્યો અને પોતાની સમકક્ષ લાવી દીધા. એવું જ રઝા મુરાદ સાથે થયું. તેમને પણ તેમની અભિનય શકિત માટે બિરદાવીને તેમના આત્મ વિશ્વાસને જીવંત કર્યો. આપણે પણ બસ, આટલું જ કરવાનું હોય છે.

આપની શાન, શોહરત, દબદબો જીવનશૈલી થકી આપણાં સ્નેહી સંબંધી જ્યારે સંકોચની લાગણી અનુભવતા હોય ત્યારે આપણો તેઓને એવો અહેસાસ કરાવી શકીએ કે તમેપણ કઈં ઓછા નથી, તમે પણ શકિતઓનો ભંડાર છો તો એ વ્યકિતનો આત્મવિશ્વાસ ખીલી ઉઠશે અને કદાચ, આપણે તેમના જીવનના એક એક "ટર્નિંગ પોઈન્ટ" માટેનું કારણ બની જઈએ. આવો, આજથી જ આમ શરૂઆત કરીએ.

જથ્થાબંધ જીવતી પ્રજા છૂટક મરતી થઈ છતાં અનુશાસન નથી!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારત પાસે અમૂલ્ય સાંસ્કૃતિક વારસો છે, વેદ છે, આયુર્વેદ છે તેમ છતાં આપણે આ બધાને હૃદયસ્થ કરી શક્યા નથી જે કંઠસ્થ કર્યા એ કથાકારો બન્યા અને લોકો એ તેમની ખૂભ પ્રશંસા કરી. સમાજમાં મૂઠી ઊંચેરું સ્થાન આપ્યું પણ સત્ત્વનું તત્ત્વ દિલમાં સ્થાપવાનું કાર્ય થયું જ નહીં !! ભાતિગળ સંસ્કૃતિ, બોલી, ભાષાઓ, અમર બલિદાનોની વાતો એ આપણે સૌ ગર્વ લઈએ છીએ છતાં તેમાંથી મળતું અમૃત ચાખવા તૈયાર નથી. જોઈ હવે અજાણ કે અજ્ઞાની રહ્યા નથી. બધા બહુ જાણે જ છે છતાં એ સમાજ માટે યોગદાન આપવાની માનસિકતા ગુમાવતા રહ્યા છે. રામાયણ, મહાભારત, ઉપનિષદ વગેરેમાંથી આપણે વાસ્તવમાં મેળવ્યું શું ? કંઈ જ નહીં કારણ કે કરોડમાંથી એકાદ કૃપાવાન દયાળુ કે ન્યાયથી જીવનાર મળે છે. આપણે વિશ્વના વધતા જતા ભોગવાદ અને ભૌતિકવાદની દોડમાં જથ્થાબંધ - બેલગામ - જીવતા થયાં અને એવું વિચારવા લાગ્યા કે આ યથાયોગ્ય પરિવર્તન છે, સમય મુજબ જીવન જીવી રહ્યા છીએ. વાસ્તવમાં પર્યાવરણ વિકૃત થઈ ગયું - ઋતુઓ પણ અનિયમિત થઈ.ગમે ત્યારે વાતાવરણ બદલાઈ જાય છે અને આ હાલતમાં ચીન ને કુબુદ્ધિ સુઝી કે કોરોનાનું સર્જન કરી દુનિયાને દુઃખના સાગરમાં ધકેલી દીધી એ અતિ માનવ ધર્મ વિરુદ્ધનું કૃત્ય કરેલું છે! સભ્ય માનવ સમાજ અંગે કોઈ વિભાવના રહી જ નથી. વ્યક્તિગત સ્વાર્થની જેમ વિશ્વના દેશો પણ ઘણા સ્વાર્થી તકવાદી તથા લાલચુ થઈ ગયા છે તેથી યુદ્ધ પ્રત્યેક દિન કયાંક ને કયાંક ચાલ્યા જ કરે છે. તાનાશાહો વધી ગયા છે જેના મનમાં પાપ-પુણ્ય ઈન્સાનિયત વગેરે જેવું કશું જ નથી કેમ કે તેઓ ભોગવાદના કિચડમાંથી જ પ્રગટ થયા છે. અર્જ કિયા હૈ -

'નુમાઈશ કા જલ્વા હૈ
લોકોં કે જેહન પર
રૂહ મેં આજકલ
ઝાંકતા કૌન હૈ ?'

માણસો જથ્થાબંધ જીવી રહેવાની શૈલીથી ખમી શકતા નથી તેનો અર્થ એ છે કે બહુ બધુ મને જ મળે અને સતત્ મળે એવી મનોવૃત્તિમાં જ જીવવાનું ! હું જ પ્રથમ ક્રમે હોઉં તેવું વિચારવું, સ્પર્ધા હોય કે નહીં પણ વિજેતા હું જ બનું આ પ્રકારની જીવનશૈલીના કારણે મહામારી જે વ્યાપક થઈ રહી છે તેને ગમી ગયું છે અને છૂટક મોત પ્રતિદિન છિનવી જાય છે એ હકીકત છે. સરકાર તથા ડૉકટરો સમજાવી - સમજાવીને થાકી ગયા છતાં લોકોમાં અનુશાસન ઊભુ થતું નથી આ મોટી પીડા છે. જે કર્મ સમજે છે તેને કોઈ ધર્મ સમજવાની જરૂર પડે નહીં.

'પુરાનો દિનો ઘર મેં અજબ રિશ્તા થા
દરવાજે બી આપસમેં ગલે લગતે થે'

હવે મુખ્ય ચિંતનનો મુદ્દો એ જ છે કે અનુશાસન શા માટે લુપ્ત છે? સમાજ જયારે વિકૃત થવા લાગે ત્યારે જાણકાર લોકો મૌન ધારણ કરવા લાગે, બાળ ઉછેરથી જ વિધ્વંસક વિચારો ઉછરવા લાગે છે સાચા ગુરુજનો પણ ખોટા સિક્કા જેવા બની જાય છે અને ઈન્ટરનેટ ઉપરની ઉપલબ્ધિ જબરો વિનાશ કરવા જ લાગે પછી શિસ્ત કયાંથી ટકે? બળાત્કારની ઘટનાઓ સતત વધતી જાય છે એ કાયદાથી અટકાવી શકાય એ પણ હવે ભ્રમ લાગે છે!! વ્યક્તિના ઘડતરના તમામ પગથિયા ઉપર ઝેરના છાંટા કે ધબ્બા પડેલા દેખાય છે. ઉચ્ચ-ઉમદા વાતો કરવામાં બધા અવ્વલ પણ જીવનમાં તેનો એમલ કેટલો ? આ સવાલ બહુ મહત્ત્વનો છે. સંવેદનશીલતા મરતી જ જાય કે પછી પુત્ર જમીન કે નાણા માટે સગા બાપની હત્યા કરી નાંખે ત્યારે એ સમાચાર તરીકે બધાને જાણવા મળે છે. ઘણા લોકો તો એવું પણ બોલે છે કે નીતિ-નિયમો તોડવા માટે તો બનાવવામાં આવે છે. આજના વિષમ કાળમાં વૃદ્ધ લોકો ઘરના ખૂણે નિસાસા નાંખી જીવનને મોટી સજા માનીને જીવતા રહે છે અને જો એ શ્રીમંત હોય તો વધુ કષ્ટ પામનાર બની જાય તે નક્કી ! પૈસો દુઃખનું એક મોટું કારણ બની જાય છે. જે પ્રેમમાં શિસ્ત નથી તે કોઈ દિવસ વિકસી ના શકે એ અટલ સત્ય છે. ઓશો કહે છે કે આખરે પૂરી જીંદગીમાં તમે શું કરો છો? વસ્તુઓ ભેગી કરો છો. મોટું મકાન બનાવી લો છો, તિજોરી ભરી લો છો પરંતુ ખુદ ને ખોઈ બઠો છો - આ હકીકત છે.

'વસ્તુ ખોવાય એની થાય અહીં વેદના
અને વર્ષો ખોવાઈ જાય એનું કંઈ નહીં?
અનંત આ દોડનો અંત જ આવે નહીં
અને જીવનનો અંત આવે એનું કંઈ નહીં...'

જીવન માત્ર મોજ શોખ કે ભોગવિલાસ માટે નથી એ તેનો એક હિસ્સો છે પરંતુ અસ્તિત્વ હોય તો અન્ય ને સહાય કરી તેને ઈશ્વર કૃપાની છાપ પ્રજા વચ્ચે છોડવી પડે તો પ્રેરણાનું ઝરણં વહેતું રહે જે લોકોને અનુશાસન દર્શાવી જાય છે. પથ્થરની મૂર્તિમાં ઈશ્વર નથી એ સ્વયંની અંદર વિરાજમાન છે એ વ્યક્તિની ઉપસ્થિતિમાં મૂલ્ય શૂન્ય આપત્તિ છે. જીવન સમાપ્ત કરી દે છે. કુદરતના ક્રમને ત્યજી દેવાથી આપત્તિ છે. જીવનમાં અનુશાસાનની આરાધના કરીએ, ઉપયોગી થઈએ અને પ્રજાના અશ્રુઓને સ્નેહથી લૂછીએ જે ઈશ્વર સદાય ઈચ્છે છે.

શેર આસ્વાદ :

ડંખે છે દિલને કેવી
એક અક્ષર કહ્યા વિના
રહી જાય છે જે વાત
સમય પર કહ્યા વિના !!